**GUJARAT BILL NO. 25 OF 2020.**

# THE CHILD AND ADOLESCENT LABOUR (PROHIBITION AND REGULATION) (GUJARAT AMENDMENT) BILL, 2020.

***A BILL***

*further to amend the Child and Adolescent Labour (Prohibition and Regulation) Act, 1986 in its application to the State of Gujarat.*

**સન ૨૦૨૦નું ગુજરાત વિધેયક ક્રમાંક: ૨૫.**

# બાળ અને કિશોર શ્રમ (પ્રતિબંધ અને નિયમન) (ગુજરાત સુધારા) વિધેયક, ૨૦૨૦.

## ગુજરાત રાજ્યને લાગુ પડતો હોય તેટલે સુધી બાળ અને કિશોર શ્રમ (પ્રતિબંધ અને નિયમન) અધિનિયમ, ૧૯૮૬ વધુ સુધારવા બાબત વિધેયક.

આથી, ભારતના ગણરાજ્યના એકોતેરમા વર્ષમાં નીચેનો અધિનિયમ કરવામાં આવે છે:-

**ટૂંકી સંજ્ઞા અને આરંભ.**

**૧.** (૧) આ અધિનિયમ બાળ અને કિશોર શ્રમ (પ્રતિબંધ અને નિયમન) (ગુજરાત સુધારા) અધિનિયમ, ૨૦૨૦ કહેવાશે.

(૨) તે, રાજ્ય સરકાર, રાજપત્રમાં જાહેરનામાથી નક્કી કરે તેવી તારીખે અમલમાં આવશે.

**સન ૧૯૮૬નો ૬૧મો.**

**સન ૧૯૮૬ના ૬૧મા અધિનિયમની કલમ ૧૪નો સુધારો.**

**૨.** ગુજરાત રાજ્યને લાગુ પડતો હોય તેટલે સુધી બાળ અને કિશોર શ્રમ (પ્રતિબંધ અને નિયમન) અધિનિયમ, ૧૯૮૬ (જેનો આમાં હવે પછી, ‘‘મુખ્ય અધિનિયમ’’ તરીકે ઉલ્લેખ કર્યો છે તે)માં, કલમ ૧૪માં,-

(૧) પેટા-કલમ (૧)માં, ‘‘પચાસ હજાર રૂપિયા’’ એ શબ્દોને બદલે, ‘‘એક લાખ રૂપિયા’’ એ શબ્દો મૂકવા;

(૨) પેટા-કલમ (૧-ક)માં, ‘‘પચાસ હજાર રૂપિયા’’ એ શબ્દોને બદલે, ‘‘એક લાખ રૂપિયા’’ એ શબ્દો મૂકવા.

**સન ૧૯૮૬ના ૬૧મા અધિનિયમની કલમ ૧૪-ઘ-નો સુધારો.**

**3.** મુખ્ય અધિનિયમમાં, કલમ ૧૪-ઘ-માં, પેટા-કલમ (૧)માં, ‘‘જિલ્લા મેજિસ્ટ્રેટ’’ એ શબ્દોને બદલે, ‘‘જિલ્લા મેજિસ્ટ્રેટ, મ્યુનિસિપલ કમિશનર, શ્રમ નિયામક અથવા યથાપ્રસંગ, નગરપાલિકાના પ્રાદેશિક કમિશનર’’ એ શબ્દો મૂકવા.

**સન ૧૯૮૬ના ૬૧મા અધિનિયમની કલમ ૧૭-ક-નો સુધારો.**

**૪.** મુખ્ય અધિનિયમમાં, કલમ ૧૭-ક-માં,-

(૧) ‘‘જિલ્લા મેજિસ્ટ્રેટ’’ એ શબ્દોને બદલે, ‘‘જિલ્લા મેજિસ્ટ્રેટ, મ્યુનિસિપલ કમિશનર, શ્રમ નિયામક અથવા યથાપ્રસંગ, નગરપાલિકાના પ્રાદેશિક કમિશનર’’ એ શબ્દો મૂકવા;

(૨) હાંસિયાની નોંધમાં, ‘‘જિલ્લા મેજિસ્ટ્રેટ’’ એ શબ્દોને બદલે, ‘‘જિલ્લા મેજિસ્ટ્રેટ, મ્યુનિસિપલ કમિશનર, શ્રમ નિયામક અથવા નગરપાલિકાના પ્રાદેશિક કમિશનર’’ એ શબ્દો મૂકવા.

## ઉદ્દેશો અને કારણો

બાળ અને કિશોર શ્રમ  (પ્રતિબંધ અને નિયમન) અધિનિયમ, ૧૯૮૬-થી, અમુક રોજગારમાં બાળકોને કામે રાખવા પર પ્રતિબંધ માટેની અને અમુક બીજા રોજગારમાં બાળકોના કામની શરતોનું નિયમન કરવા માટેની જોગવાઇ કરે છે.

તમામ વ્યવસાયોમાં બાળ રોજગાર પર પ્રતિબંધ મૂકવા માટે અને બાળકોનો મફત અને ફરજિયાત શિક્ષણનો અધિકાર અધિનિયમ, ૨૦૦૯-ની જોગવાઇઓને ધ્યાનમાં લઇને શાળાઓમાં તેમની નામ નોંધણી સરળ બનાવવાની પ્રક્રિયા કરવા માટેના હેતુથી બાળ શ્રમ (પ્રતિબંધ અને નિયમન) સુધારા અધિનિયમ, ૨૦૧૬ (સન ૨૦૧૬-ના ૩૫મા)થી સદરહુ કેન્દ્રીય અધિનિયમની વિદ્યમાન કલમ ૩ સુધારવામાં આવી હતી અને કિશોર (૧૪ વર્ષ પૂરા થયા હોય પરંતુ ૧૮ વર્ષ પૂરા થયા ન હોય તેવી વ્યક્તિઓ)ને જોખમી વ્યવસાયોમાં રોજગાર પર પ્રતિબંધ મૂકવા માટે અને કિશોરની સેવાની શરતોનું નિયમન કરવા માટેની જોગવાઇ કરવા, સન ૨૦૧૬ના સદરહુ કેન્દ્રીય સુધારા અધિનિયમથી કલમ ૩-ક પણ દાખલ કરવામાં આવી હતી.  વિદ્યમાન કલમ ૧૪ની પેટા-કલમ (૧) અને (૧ક)-થી અનુક્રમે, સદરહુ કલમો ૩ અને ૩ક-ની જોગવાઇઓના ઉલ્લંઘન બદલ દંડ માટેની જોગવાઇ કરી છે. દંડની રકમ પચાસ હજાર રૂપિયાથી વધારીને એક લાખ રૂપિયા કરવાનું જરૂરી જણાયું છે. વિધેયકની કલમ ૨-થી, તે માટેની જોગવાઈ કરી છે.

સદરહુ કેન્દ્રીય અધિનિયમની કલમ ૧૪ની પેટા-કલમ (૩) હેઠળ, વિદ્યમાન કલમ ૧૪-ઘ-થી પ્રથમ વખત થયેલ ગુનાની માંડવાળ કરવા માટે જિલ્લા મેજિસ્ટ્રેટને સત્તા મળે છે. હવે, સદરહુ હેતુ માટે મ્યુનિસિપલ કમિશનર અથવા મજૂર નિયામક અથવા નગરપાલિકાના પ્રાદેશિક કમિશનરને સત્તા આપવાનું પણ જરૂરી જણાયું છે. વિધેયકની કલમ ૩-થી, તે માટેની જોગવાઈ કરી છે.

વિદ્યમાન કલમ ૧૭-ક-થી રાજ્ય સરકારને, સદરહુ કેન્દ્રીય અધિનિયમની જોગવાઇઓનો યોગ્ય રીતે અમલ થઇ રહ્યો છે તેની ખાતરી કરવા માટે, પોતાને જરૂરી જણાય તેવી સત્તા જિલ્લા મેજિસ્ટ્રેટને આપવા માટે અને તેવી ફરજો તેમની પર લાદવા માટે અને જેને આવી તમામ અથવા કોઇ સત્તાનો ઉપયોગ કરવાનો હોય અથવા  આ રીતે અપાયેલી અથવા લદાયેલી તેવી તમામ અથવા કોઇ ફરજો બજાવવાની હોય અને રાજ્ય સરકારે કરેલા નિયમો અનુસાર, જે  અધિકારી દ્વારા સ્થાનિક મર્યાદાની અંદર આવી સત્તા અને ફરજોનો અમલ કરવાનો હોય, તેવા તેમના (જિલ્લા મેજિસ્ટ્રેટના) તાબાના અધિકારી નિર્દિષ્ટ કરવા

માટેની સત્તા જિલ્લા મેજિસ્ટ્રેટને મળે છે. સદરહુ કલમ ૧૭-ક માં જણાવ્યા પ્રમાણેના હેતુઓ માટે, મ્યુનિસિપલ કમિશનર અથવા મજૂર નિયામક અથવા નગરપાલિકાના પ્રાદેશિક કમિશનરને સત્તા આપવાનું પણ રાજ્ય સરકારને જરૂરી જણાયું છે. વિધેયકની કલમ ૪-થી, તે માટેની જોગવાઈ કરી છે.

આ વિધેયકથી, ઉપર્યુક્ત ઉદ્દેશો સિદ્ધ કરવા માટે, સદરહુ કેન્દ્રીય અધિનિયમ સુધારવા ધાર્યું છે.

**દિલીપકુમાર ઠાકોર,**

## ધારાકીય સત્તા સોંપવાની યાદી

આ વિધેયકમાં, નીચેની બાબતોના સંબંધમાં, ધારાકીય સત્તાની સોંપણી માટેનો સમાવેશ થાય છે:-

**કલમ ૧.-** આ કલમની પેટા-કલમ (૨)થી, રાજ્ય સરકારને, રાજપત્રમાં જાહેરનામાથી, અધિનિયમની જોગવાઇઓ જે તારીખે અમલમાં આવશે તે તારીખ નક્કી કરવાની સત્તા મળે છે.

ઉપર્યુકત ધારાકીય સત્તાની સોંપણી આવશ્યક અને સામાન્ય પ્રકારની છે.

તારીખ: ૧૮મી સપ્ટેમ્બર, ૨૦૨૦. **દિલીપકુમાર ઠાકોર.**

## પુરવણી

## બાળ અને કિશોર શ્રમ (પ્રતિબંધ અને નિયમન) અધિનિયમ, ૧૯૮૬ (સન ૧૯૮૬ના ૬૧મા)માંથી ઉતારા.

**કોઇ વ્યવસાય અને પ્રક્રિયામાં બાળ રોજગારનો પ્રતિબંધ.**

3. (૧) કોઇપણ બાળકને, કોઇ વ્યવસાય અને પ્રક્રિયામાં નોકરીમાં રાખવો જોઇશે નહિ અથવા તેમાં કામ કરવાની પરવાનગી આપવી જોઇશે નહિ.

(૨) કોઇ બાળક,- (ક) અનુસૂચિમાં નિયત કરેલા કોઇ જોખમી વ્યવસાય અથવા પ્રક્રિયા સિવાયના હોય તેવા, પોતાના પરિવાર અથવા પરિવારના ઉદ્યોગ-સાહસમાં, પોતાની શાળાના સમય પછી અથવા વેકેશન દરમિયાન, મદદ કરે; (ખ) ઠરાવવામાં આવે તેવી શરતો અને સલામતીના માપદંડોને અધીન રહીને, જાહેરાત, ફિલ્મો, ટેલિવિઝન સિરિયલ અથવા એવા કોઇ અન્ય મનોરંજન અથવા સર્કસ સિવાયની રમત-ગમતની પ્રવૃત્તિઓ સહિત શ્રાવ્ય-દ્રશ્ય (ઓડિયો-વિઝ્યુઅલ) મનોરંજન ઉદ્યોગમાં કલાકાર તરીકે કામ કરે, ત્યારે તેને, પેટા-કલમ (૧)માંનો કોઇ મજકૂર લાગુ પડશે નહિ:

પરંતુ આ કલમ હેઠળનું એવું કોઇ કામ, બાળકના શાળાકીય અભ્યાસને અસર કરતું હોવું જોઇશે નહિ.

સ્પષ્ટીકરણ.- આ કલમના હેતુઓ માટે, -

(ક) બાળકના સંબંધમાં "પરિવાર" એ શબ્દપ્રયોગ એટલે તેની માતા, પિતા, ભાઇ, બહેન અને પિતાના બહેન અને ભાઇ અને માતાના બહેન અને ભાઇ; (ખ) "પરિવારના ઉદ્યોગ-સાહસો" એ શબ્દપ્રયોગ એટલે અન્ય વ્યક્તિઓને નોકરીમાં રાખીને પરિવારના સભ્યો દ્વારા કરવામાં આવતું કોઇ કાર્ય, વ્યવસાય, ઉત્પાદન અથવા વેપાર; (ગ) "કલાકાર" એટલે અભિનેતા, ગાયક, ખેલાડી તરીકે અથવા પેટા-કલમ (૨)ના ખંડ (ખ) હેઠળ આવતી મનોરંજન અથવા રમત-ગમતની પ્રવૃત્તિને લગતી, ઠરાવવામાં આવે તેવી અન્ય પ્રવૃત્તિમાં પોતે પ્રત્યક્ષ રીતે સામેલ થઇને શોખ અથવા વ્યવસાય તરીકે કોઇ કાર્ય કરતું હોય અથવા તેનો અભ્યાસ કરતું હોય તેવું બાળક.

અમુક જોખમી વ્યવસાયો અને પ્રક્રિયાઓમાં કિશોરોના રોજગાર પરનો પ્રતિબંધ.

**૩-ક.** કોઇ કિશોરને, અનુસૂચિમાં નિયત કરેલા જોખમી વ્યવસાયો અને પ્રક્રિયાઓ પૈકી કોઇમાં નોકરીમાં રાખવો જોઇશે નહિ અથવા તેમાં કામ કરવાની પરવાનગી આપવી જોઇશે નહિ:

પરંતુ કેન્દ્ર સરકાર, જાહેરનામાથી, આ અધિનિયમ હેઠળ જે કાર્યમાં કિશોરને કામ કરવાની પરવાનગી આપી શકાય તેવા બિન-જોખમી પ્રકારના કાર્ય નિર્દિષ્ટ કરી શકશે.

શિક્ષા.

**૧૪.** (૧) કલમ ૩ની જોગવાઇઓનું ઉલ્લંઘન કરીને, કોઇપણ બાળકને નોકરી પર રાખે અથવા બાળકને કામ કરવાની પરવાનગી આપે, તે વ્યક્તિ, છ મહિનાથી ઓછી નહિ પણ બે વર્ષ સુધીની મુદતની કેદની અથવા વીસ હજારથી ઓછા નહિ પણ પચાસ હજાર રૂપિયા સુધીના દંડની અથવા તે બન્ને શિક્ષાને પાત્ર થશે.

પરંતુ આવા બાળકોના માતા-પિતા અથવા વાલી આવા બાળકને કલમ ૩ની જોગવાઇઓનું ઉલ્લંઘન કરીને વાણિજ્યિક હેતુઓ માટે પરવાનગી આપે તે સિવાય, તેમને શિક્ષા કરવામાં આવશે નહિ.

(૧ક) કલમ ૩-કની જોગવાઇઓનું ઉલ્લંઘન કરીને, કોઇપણ કિશોરને નોકરી પર રાખે અથવા કિશોરને કામ કરવાની પરવાનગી આપે, તે વ્યક્તિ, છ મહિનાથી ઓછી નહિ પણ બે વર્ષ સુધીની મુદતની કેદની અથવા વીસ હજારથી ઓછા નહિ પણ પચાસ હજાર રૂપિયા સુધીના દંડની અથવા તે બન્ને શિક્ષાને પાત્ર થશે.

પરંતુ આવા કિશોરના માતા-પિતા અથવા વાલી આવા કિશોરને કલમ ૩-કની જોગવાઇઓનું ઉલ્લંઘન કરીને વાણિજ્યિક હેતુઓ માટે પરવાનગી આપે તે સિવાય, તેમને શિક્ષા કરવામાં આવશે નહિ.

(૧ખ) થી (૩) XXX XXX XXX

ગુનાની માંડવાળ કરવા બાબત.

**૧૪-ઘ.** (૧) ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ (સન ૧૯૭૪ના ૨-જા)માં ગમે તે મજકૂર હોય તેમ છતાં, જિલ્લા મેજિસ્ટ્રેટ, આરોપી વ્યક્તિ દ્વારા અરજી કર્યેથી, કલમ ૧૪ની પેટા-કલમ (૩) હેઠળ, તેણે પ્રથમ વખત કરેલા કોઈ ગુનાની અથવા માતા-પિતા અથવા વાલી હોય તેવી કોઈ આરોપી વ્યક્તિએ કરેલા કોઈ ગુનાની, ઠરાવવામાં આવે તેવી રીતે અને સમુચિત સરકારને તેવી રકમની ચૂકવણી કર્યેથી, ગુનાની માંડવાળ કરી શકશે.

(૨) થી (૪) xxx xxx xxx

જિલ્લા મેજિસ્ટ્રેટે જોગવાઈઓ અમલમાં મૂકવા બાબત.

**૧૭-ક.** સમુચિત સરકાર, આ અધિનિયમની જોગવાઈઓની બજવણી યોગ્ય રીતે થઈ રહી છે તેવું સુનિશ્ચિત કરવા માટે, જિલ્લા મેજિસ્ટ્રેટને, જરૂરી હોય તેવી સત્તા અને તેવી ફરજો આપી શકશે અને જિલ્લા મેજિસ્ટ્રેટ, તેના તાબા હેઠળના અધિકારી નિર્દિષ્ટ કરી શકશે, જેઓ એવી રીતે આપવામાં અથવા લાદવામાં આવેલી તમામ અથવા કોઈપણ સત્તાનો ઉપયોગ કરી શકશે અને તમામ અથવા કોઇપણ ફરજ બજાવી શકશે અને તે અધિકારી દ્વારા જે સ્થાનિક હદોની અંદર ઠરાવવામાં આવે તેવી રીતે સત્તા વાપરવામાં આવશે અથવા ફરજ બજાવવામાં આવશે તે સ્થાનિક હદો નિર્દિષ્ટ કરી શકશે.

ગુજરાત વિધાનસભા સચિવાલય

[સન ૨૦૨૦નું ગુજરાત વિધેયક ક્રમાંક: ૨૫.]

ગુજરાત રાજ્યને લાગુ પડતો હોય તેટલે સુધી બાળ અને કિશોર શ્રમ (પ્રતિબંધ અને નિયમન) અધિનિયમ, ૧૯૮૬ વધુ સુધારવા બાબત વિધેયક.

[શ્રી દિલીપકુમાર ઠાકોર,
શ્રમ અને રોજગાર મંત્રીશ્રી.]

(સન ૨૦૨૦ના સપ્ટેમ્બર મહિનાની ૧૯મી તારીખે ગુજરાત સરકારી રાજપત્રમાં પ્રસિદ્ધ કર્યા મુજબ)

ડી. એમ. પટેલ,
સચિવ,
ગુજરાત વિધાનસભા.

**THE CHILD AND ADOLESCENT LABOUR (PROHIBITION AND REGULATION) (GUJARAT AMENDMENT) BILL, 2020.**

**GUJARAT BILL NO. 25 OF 2020.**

***A BILL***

*further to amend the Child and Adolescent Labour (Prohibition and Regulation) Act, 1986 in its application to the State of Gujarat.*

It is hereby enacted in the Seventy-first Year of the Republic of India as follows:—

**1.** (1) This Act may be called the Child and Adolescent Labour (Prohibition and Regulation) (Gujarat Amendment) Act, 2020. **Short title and commencement.**

(2) It shall come into force on such date as the State Government may, by notification in the *Official Gazette*, appoint.

**Amendment of section 14 of 61 of 1986.**

**2.** In the Child and Adolescent Labour (Prohibition and Regulation) Act, 1986, in its application to the State of Gujarat (hereinafter referred to as "the principal Act"), in section 14, - **61 of 1986.**

(i) in sub-section (1), for the words "fifty thousand rupees", the words "one lakh rupees" shall be substituted;

(ii) in sub-section (1A), for the words "fifty thousand rupees", the words "one lakh rupees" shall be substituted.

**Amendment of section 14D of 61 of 1986.**

**3.** In the principal Act, in section 14D, in sub-section (1), for the words "District Magistrate", the words "District Magistrate, Municipal Commissioner, Director of Labour or, as the case may be, the Regional Commissioner of Municipalities" shall be substituted.

**Amendment of section 17A of 61 of 1986.**

**4.** In the principal Act, in section 17A, -

(i) for the words "District Magistrate", the words "District Magistrate, Municipal Commissioner, Director of Labour or, as the case may be, the Regional Commissioner of Municipalities" shall be substituted;

(ii) in the marginal note, for the word "District Magistrate", the words "District Magistrate, Municipal Commissioner, Director of Labour or Regional Commissioner of Municipalities" shall be substituted.

## STATEMENT OF OBJECTS AND REASONS

The Child and Adolescent Labour (Prohibition and Regulation) Act, 1986 provides for prohibition of the engagement of children in certain employments and for regulating the conditions of work of children in certain other employments.

Existing section 3 of the said Central Act was amended vide the Child Labour (Prohibition and Regulation) Amendment Act, 2016 (35 of 2016) with a view to prohibiting employment of children in all occupations and processes to facilitate their enrolment in schools in view of the provisions of the Right of Children to Free and Compulsory Education Act, 2009 as also section 3A was inserted vide the said Central Amending Act of 2016 to provide for prohibition of employment of adolescents (persons who have completed fourteenth year of age but have not completed eighteenth year) in hazardous occupations and processes and to regulate the conditions of service of adolescents. Sub-section (1) and (1A) of existing section 14 respectively provides for the penalty for contravention of the provisions of said sections 3 and 3A. It is considered necessary to enhance the amount of fine from fifty thousand rupees to one lakh rupees. *Clause* 2 of the Bill provides for the same.

Existing section 14D empowers the District Magistrate to compound the offences committed for the first time, under sub-section (3) of section 14 of the said Central Act. Now, it is considered necessary also to empower the Municipal Commissioner or Director of Labour or Regional Commissioner of Municipalities for the said purpose. *Clause* 3 of the Bill provides for the same.

Existing section 17A empowers the State Government to confer such powers and impose such duties on a District Magistrate as may be necessary to ensure that the provisions of the said central Act are properly carried out and to empower the District Magistrate to specify the officer subordinate to him who shall exercise all or any of the powers and perform all or any of the duties so conferred or imposed and the local limits within which such powers or duties shall be carried out by the officer in accordance with the rules made by the State Government. The State Government considers it necessary also to empower the Municipal Commissioner or Director of Labour or Regional Commissioner of Municipalities for the purposes as mentioned in the said section 17A. *Clause* 4 of the Bill provides for the same.

This Bill seeks to amend the said Central Act to achieve the aforesaid objects.

**DILIPKUMAR THAKOR ,**

## MEMORENDUM REGARDING DELEGATED LEGISLATION

This Bill involves the delegation of legislative power in the following respect:-

***Clause 1.-*** Sub-clause (2) of this clause empowers the State Government, by notification in the *Official Gazette*, to appoint the date on which the Act shall come into force.

The delegation of power as aforesaid is necessary and is in normal character.

Dated the 18th September, 2020. **DILIPKUMAR THAKOR.**

*ANNEXURE*

## EXTRACT FROM THE CHILD AND ADOLESCENT LABOUR (PROHIBITION AND REGULATION) ACT, 1986.

**( 61 of 1986)**

**Prohibition of employment of children in any occupation and process.**

**3.** (1) No child shall be employed or permitted to work in any occupation or process.

(2) Nothing in sub-section (1) shall apply where the child, — (a) helps his family or family enterprise, which is other than any hazardous occupations or processes set forth in the Schedule, after his school hours or during vacations; (b) works as an artist in an audio-visual entertainment industry, including advertisement, films, television serials or any such other entertainment or sports activities except the circus, subject to such conditions and safety measures, as may be prescribed: Provided that no such work under this clause shall effect the school education of the child.

Explanation.—For the purposes of this section, the expression,

(a) "family" in relation to a child, means his mother, father, brother, sister and father's sister and brother and mother's sister and brother; (b) "family enterprises" means any work, profession, manufacture or business which is performed by the members of the family with the engagement of other persons; (c) "artist" means a child who performs or practices any work as a hobby or profession directly involving him as an actor, singer, sports person or in such other activity as may be prescribed relating to the entertainment or sports activities falling under clause (b) of sub-section (2).

**Prohibition of employment of adolescents in certain hazardous occupations and processes.**

**3A.** No adolescent shall be employed or permitted to work in any of the hazardous occupations or processes set forth in the Schedule: Provided that the Central Government may, by notification, specify the nature of the non-hazardous work to which an adolescent may be permitted to work under this Act.

**Penalties.**

**14.** (1) Whoever employs any child or permits any child to work in contravention of the provisions of section 3 shall be punishable with imprisonment for a term which shall not be less than six months but which may extend to two years, or with fine which shall not be less than twenty thousand rupees but which may extend to fifty thousand rupees, or with both:

Provided that the parents or guardians of such children shall not be punished unless they permit such child for commercial purposes in contravention of the provisions of section 3.

(1A) Whoever employs any adolescent or permits any adolescent to work in contravention of the provisions of section 3A shall be punishable with imprisonment for a term which shall not be less than six months but which may extend to two years or with fine which shall not be less than twenty thousand rupees but which may extend to fifty thousand rupees, or with both:

Provided that the parents or guardians of such adolescent shall not be punished unless they permit such adolescent to work in contravention of the provisions of section 3A.

(1B) to (3) XXX XXX XXX

**Compounding of offences.**

**14D.** (1) Notwithstanding anything contained in the Code of Criminal Procedure, 1973 (2 of 1974), the District Magistrate may, on the application of the accused person, compound any offence committed for the first time by him, under sub-section *(3)* of section 14 or any offence committed by an accused person being parent or a guardian, in such manner and on payment of such amount to the appropriate Government, as may be prescribed.

(2) to (4) XXX XXX XXX

**District Magistrate to implement the provisions.**

**17A.** The appropriate Government may confer such powers and impose such duties on a District Magistrate as may be necessary, to ensure that the provisions of this Act are properly carried out and the District Magistrate may specify the officer, subordinate to him, who shall exercise all or any of the powers, and perform all or any of the duties, so conferred or imposed and the local limits within which such powers or duties shall be carried out by the officer as may be prescribed.

**GUJARAT LEGISLATURE SECRETARIAT**

**GUJARAT BILL NO. 25 OF 2020.**

***A B I L L***

*further to amend the Child and Adolescent Labour (Prohibition and Regulation) Act, 1986 in its application to the State of Gujarat.*

**[ SHRI DILIPKUMAR THAKOR,**
**MINISTER FOR LABOUR AND EMPLOYMENT ]**

**( As published in the Gujarat Government Gazette of 19th September, 2020)**

**D.M.PATEL,**

Secretary,

Gujarat Legislative Assembly.